**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૯/૦૩/૨૦૧૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૧/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૪૮૬ લીટર દેશી દારૂ, ૧૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૬ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૮૧ બિયરટીન અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૭૦૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ખુનની કોશીષ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૩/૧૫</u>**

**ખાડીયા :** તૈમિના વા/ઓ સાબીરભાઈ વિશલપુરવાલા (ઉ.વ.૨૪)(રહે.કાઝીના ધાબા, સના એપાર્ટમેન્ટ, ત્રીજો માળ, સાંકડીગલી આસ્ટોડીયા) એ વા.સા.હોસ્પીટલ ખાતે ખાડીયા પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૩/૧૫ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે આસ્ટોડીયા, ભીંડાની ગલીના નાકે, કમલ પાન હાઉસ પાસે ફુટપાથ ઉપર તૈમીનાબહેનનાં પતિ સાબીરભાઈ મહંમદ શફી નાઓ સાથે પોતાની મરજીથી કોર્ટમાં લગ્ન કરેલ હોવા છતાં તૈમીનાબહેનનાં ભાઈઓ, પિતા તથા કાકાને લગ્ન નામંજુર હોય તેની અદાવત રાખી આરોપી નં.૧ ઐયુબ હારૂનભાઈ ખેડાવાલા નં. ૨ ઈરફાન હારૂનભાઈ ખેડાવાલા, નં.૩ હારૂનભાઈ અબ્દુલભાઈ ખેડાવાલા(તમામ રહે.પોપટલાલની ચાલી, નગરી બિલ્ડીંગની સામે આસ્ટોડીયા ચકલા) તથા નં. ૪ સિરાજભાઈ અબ્દુલભાઈ ખેડાવાલા(રહે.ગોળ લીમડા, ભજીયા હાઉસ પાસે, આસ્ટોડીયા) ભેગામળી તૈમીનાબહેનનાં પતિ સાબીરભાઇ સાથે બોલા-ચાલી કરી, પેટના ભાગે તથા માથાના ભાગે અને હાથે છરીથી જીવલેણ ઘા મારી મોત નિપજાવવાની કોશિષ કરી હતી. સારવાર અર્થે સાબીરભાઇને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.ડી.ખાંભલા ચલાવે છે.

**<u>બળાત્કારની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૫૪/૧૫</u>**

**એલીસબ્રીજ :** એલીસબ્રીજ વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષની પરણીત યુવતીએ તા.૧૮/૩/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૭/૧/૧૫ થી તા.૧૧/૩/૧૫ નાં સમયગાળા દરમ્યાન આરોપી નિશાંત પંકજભાઇ જાની (ઉ.વ.૨૦)(રહે.વિરમગામ)એ પોતે મરી જવાની ધમકી આપી યુવતીને દિલ્હી તથા પંજાબ અલગ-અલગ જગ્યાએ લઇ જઇ, યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર-નવાર યુવતી સાથે શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૫૫૫/૧૫**

**રાણીપ :** મમતાબહેન મનોજભાઇ રાઠોડ (ઉ.વ.૧૫)(રહે.જુના વાડજ, ચંદ્રભાગાનો ખાડો, રમતુજીની ચાલી, નારણપુરા) ને તા.૧૭/૩/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગાંધી આશ્રમમાં આવેલ મહાત્મા ગાંધી સ્કુલ નં.૧ આગળથી ઘર નજીક રહેતો આરોપી વિજય ઉર્ફે ભીખો મંગળભાઇ ચૌહાણ લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ મમતાબહેનનાં પિતા મનોજભાઇ રાઠોડે રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.એમ.પનોરીયા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૫૫૬/૧૫**

**મણીનગર :** તુષારભાઇ અનિરૂધ્ધભાઇ ભટ્ટ (રહે.શ્રીજી સદન, જયંતપાર્ક સોસાયટી, ભાડુઆતનગર, ઇસનપુર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૭/૩/૧૫ રાતનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે સેલ પેટ્રોલપંપ સામે, યુ.એસ.પીઝા નામની દુકાન આગળથી મોટર સાયકલ ઉપર પોતાની પત્નીને બેસાડી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૨૬ વર્ષના આશરાનાં) તુષારભાઇની પત્નીનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૫૭/૧૫**

**મણીનગર :** કિનસુકભાઇ સુનીલભાઇ ગુપ્તા (રહે.રાજધાની બંગ્લોઝ, રામવાડી બસ સ્ટોપ પાસે, ઇસનપુર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૧૮/૩/૧૫ સાંજનાં ૭/૩૦ થી રાતનાં ૮/૧૫ વાગ્યા દરમ્યાન મણીનગર વલ્લભવાડી ઇન્ડસઇન્ડ બેંક સામે રોડ ઉપર પોતાની કાર પાર્ક કરી હતી. જે કારની આગળની ખાલી સાઇડનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૪૧,૯૦૦/- અને લેપટોપ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૬,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૫૮/૧૫**

**મેઘાણીનગર :** પુષ્પાબહેન પંકજભાઇ આહીર (ઉ.વ.૩૫)(રહે.સુર્યનગર સોસાયટી, કલાપીનગર, મેઘાણીનગર) તા.૧૭/૩/૧૫ ના કલાક ૧૨/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે પ્રાયમસ ઉપર શાક બનાવતાં હતા દરમ્યાન પ્રાયમસની જાળ શરીરે લાગતાં, ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૩/૧૫ રાતનાં ૮/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બી.એમ.નાડિયા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.